# રાષ્ટ્રીય મુસ્લિમ વ્યૂહરચના: આપણે ગિયર બદલવાની જરૂર છે

ડૉ. સૈયદ ઝફર મહમૂદ, પ્રમુખ, ઝકાત ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી

info@zakatindia.org

પવિત્ર કુરઆન (૧૭.૭૦)માં અલ્લાહ કહે છે કે તેઓએ દરેક મનુષ્યને સમાન ગૌરવથી નવાજ્યા છે. અન્યત્ર (૪૯.૧૩) તેઓ કહે છે કે પરસ્પર સંજ્ઞાત્મક અને સંપર્ક ની સુવિધાની ખાતર, તેઓ એ માનવતાને કોમ અને જનજાતિઓમાં વ્હેચ્યાં છે. આ રીતે વ્યક્તિગત અને સામૂહિક અસ્તિત્વને દિવ્ય માન્યતા અને આશ્રય આપવામાં આવ્યો છે. બીજી અનેક આયાતો અને ડઝન જેટલા પ્રકરણો દ્વારા આપણે અલ્લાહનો સંદેશો સમજી શકીએ છીએ કે ઔચિત્ય, વિવેક અને નિષ્ઠા, વ્યક્તિગત અને સામાજિક ધ્યેય અને સમૃદ્ધિ માટે અનિવાર્ય શરત છે. આ કહેવા ટાણે ઉલ્લેખનીય છે કે અલ્લાહનાં સંદેશમાં સંપૂર્ણ માનવજાતિ અને દરેક વર્ગ સમાવિષ્ટ છે. આપણે એ શોધીએ કે આ ત્રણેય દિવ્ય જવાબદારીઓ નો સર્વોત્તમ ઉપયોગ કરી ને અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગ સામેનાં સામાજિક ભેદભાવને દૂર કરીને તેમને સાથે લઈ ને સામૂહિક રીતે ભારતમાં વંચિત મુસલમાનો અને ખ્રિસ્તી સમુદાય ને માટે ન્યાય અને નિષ્પક્ષતાનું પુનઃસ્થાપન થઈ શકે.

એવા સ્પષ્ટ પુરાવાઓ છે કે વર્ષ ૧૯૪૭ માં ભારતને સ્વતંત્રતા મળ્યા પછી છેલ્લા ૬૫ વર્ષમાં દરેક ક્ષેત્રોનાં વિકાસમાં બીજા ધર્મોનાં અનુયાયીઓની સરખામણીએ મુસલમાનો પછાત અને પાછળ રહી ગયા છે. તથા સચ્ચર સમિતિ અને મિશ્રા આયોગનો અહેવાલ લોક જાહેર થયા પછી તો આ તદ્દન સ્પષ્ટ થઈ ગયું. આ અહેવાલોમાં પછાતપણાનાં જવાબદાર કારણો આ પ્રમાણે દર્શાવ્યા છે (૧) એક કેન્દ્રિય કાર્યકારી આદેશ દ્વારા અનુસૂચિત જાતિને વ્યાખ્યાયિત કરીને સંસદ અને રાજ્યની વિધાનસભામાં, સરકારી કાર્યાલયો અને શૈક્ષણિક સંસ્થાનો માં ૧૫% માંથી મુસલમાનો અને ખ્રિસ્તીઓ ને વર્ષ ૧૯૫૦ થી વંચિત રાખવા માં આવ્યા. (૨) મુસલમાનોની બહુમતી વાળા મોટાભાગનાં મતવિસ્તારોમાં અનુસુચિત જાતિનાં આંકડા ઓછા હોવા છતાં પણ SC મતવિસ્તાર ઘોષિત કરવામાં આવ્યા. (૩) રાષ્ટ્રીય ભાવનાનાં ભાગ રૂપે મુસલમાન વિરોધી પૂર્વગ્રહ ઊંડી રીતે અસ્તિત્વ ધરાવે છે અને (૪) મુસલમાનોના બહોળા સમુદાયનાં જમીન સાથે જોડાયેલ ન્યાય અને અધિકારનાં પુન:સ્થાપનની દરકાર કર્યા વગર ક્રમાનુસાર આવતા શાસકોએ ગણ્યા ગાઠ્યાં મુસલમાનોને પસંદ કરી ને ક્યાંક ક્યાંક નિરુપદ્રવી સરકારી સ્થાનો પર છંટકાવ કર્યાં એટ્લે કે ગોઠવી દીધા.

છેલ્લા ૬૫ વર્ષોમાં સહવર્તી સાધન બનાવી, સમગ્ર રાજકીય વર્ણપટમાં સુ નિયોજિત ડિઝાઇનમાં પ્રસારણ કરીને, મુસલમાન સમુદાય ને અનિશ્ચિતતાનાં વાદળોમાં અને અસ્તિત્વ સામે ની દહેશતમાં ફસાવી રાખવામાં આવ્યો. સમુદાયને સુરક્ષા ની બાહેધરી આપી ને કહેવાતા ધર્મ નિરપેક્ષ લોકો મુસલમાનો પાસે થી મત ઉઘરાવી રહ્યા છે. બીજી તરફ દક્ષિણ પંથી અતિવાદીઓ (વાસ્તવ માં અવિદ્યામાન ) હિન્દુ અસ્તિત્વ ને ખતમ કરી નાખે તેવા જોખમ કહી ને

મોટી સંખ્યા માં નિર્દોષ અને ઓછા ભણેલા બિન મુસ્લિમ મતદારો પાસે પહોચી જાય છે. આ સમગ્ર પ્રક્રિયા માં ભારતીય મુસલમાનને વિદેશી અથવા ઉગ્રવાદી ગણાવવો એ રાજકીય- નોકરશાહીની એક ફેશન થઈ ગઈ છે. મુસલમાન યુવાનને લાંબા વર્ષો સુધી કેદમાં નાખવો, પછી પુરાવાનાં અભાવે કે નિર્દોષ જાહેર થાય એટલે છોડી મૂકવો અને પછી આ ઘૃણાસ્પદ અન્યાય કે  અત્યાચાર ને ભૂલી જવું એ દેશ ભરમાં એક પરંપરા થઈ ગઈ છે. શાળા નાં પાઠ્ય પુસ્તકોમાં મુસલમાનો ને નીચા દેખાડવાની પ્રથાએ એક અંતર્ધારી મહામારી નું રૂપ લઈ લીધું છે. પછી બિન – મુસલમાન પેઢી આ સંકુચિત વિચાર ધારા સાથે યુવા વર્ગ માં પ્રવેશે છે.

આ રીતે રાષ્ટ્રીય ઓળખાણ, સન્માન, આંતરિક એકતા પર થતાં યોજનાબધ્ધ, વારંવાર પ્રહારો નો સામનો કરતાં, તેની ચર્ચા કરતાં અને મુકાબલો કરતાં મુસલમાન સમુદાયનો ધીરજ નો પ્યાલો ક્યારેક ઉભરાઇ જાય છે. આ રીતે મુસલમાન ચેતના નો અંત થાય છે અને સમુદાયનાં વિકાસ અને પ્રગતિનાં ધ્યેય ની દિશામાં વળાંક આવી જાય છે. આવી પરિસ્થિતીમાં અમુક દળો સફળતા પૂર્વક મુસલમાનો તરફ નાં રમત નાં મેદાનમાં ઘુસણખોરી કરવામાં સફળ થયા છે અને સમુદાય ને રક્ષણાત્મક રમત રમવા તરફ ધકેલી દીધો છે.

આપણે એકવીસમી સદીનાં ભારતનાં મુસલમાનો અને ખ્રિસ્તીઓ એ પોતાના ખભ્ભા પર મોટી જવાબદારી ઉપાડવાની છે.  આપણે સંસ્થાગત શરૂઆત કરી ને નકારાત્મક પ્રવાહ ને સકારાત્મક પરિયોજનાઓમાં કાયાપલટ કરવાની છે. આ માટે આપણી પાસે પર્યાપ્ત રીતે વ્યૂહરચના હોવી જરૂરી છે.

ત્યાં સુધી કે ૨૦૧૩ સુધી માહિતીનાં અધિકારનાં હેઠળ પણ કેન્દ્ર સરકાર એ માહિતી જણાવવા તૈયાર નથી કે રાષ્ટ્રપતિનાં વર્ષ ૧૯૫૦ નાં અનુસુચિત જાતિ આદેશમાં કુખ્યાત ફકરો ૩ ને દાખલ કરવા નું પ્રયોજન શું હતું?  બીજું તેની લાંબી નિષ્ક્રિયતા દ્વારા સરકારે વ્યાવહારિક રૂપે સચ્ચર સમિતિ પર ધ્યાન આપવાનો ઇનકાર કરી દીધો છે કે નવાં સીમાંકન આયોગ ની નિમણૂક કરીને જેમાં મુસલમાન સમુદાય ની બહુમતી છે તેવા ચુટણી મત વિસ્તારો ને બિન –અનામત જાહેર કરી ને અન્યાય, ગેરકાયદેસર અને  અતાર્કિક ગૂંચવડા માથી બહાર કાઢી ને SCનાં લંગર માથી મુક્ત કરે. ત્રીજા સ્થાને સરકારે હજુ સુધી મર્યાદિત સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભારતીય પોલીસ સેવા ની ૧૪૦૦ જેટલી જગ્યાઓ ભરવાના ૨૦૧૦ નાં મુસલમાન વિરોધી ધારા ને પાછો ખેચ્યો નથી. અને યાદી લંબાતી જાય છે.

રાષ્ટ્રીય શતરંજ પર આપણે ભારત નાં મુસલમાનો અને ખ્રિસ્તીઓ છેલ્લા ૬૫ વર્ષો થી પદયાત્રીઓ ની જેમ નિરુપદ્રવી રીતે ચાલી રહ્યા છીયે.  આ સદી નાં વિકાસ ને રૂંધવાના નાનામાં નાના વિચાર થી પણ વેગળું રહેવું જોઈએ. ભારતના સામાજિક –રાજકીય અસ્તિત્વ તરીકે આપણે ખરાબ રીતે નિષ્ફળ ગયા છીયે અને મળ્યું છે ઘોર અપમાન, અને માન હાનિથી તળિયા વગરની ઊંડાઈએ અધ:પતન થયું છે. આપણને  આગામી પેઢીનાં સામાજિક જીવન સાથે ચેડાં કરવા નો કોઈ હક્ક નથી. દેશનાં શતરંજ પર પદ યાત્રી માથી સમુદાયની વ્યહરચના નું ગિયર બદલવાનો સમય પાકી ગયો છે અને શતરંજ માં રાણી જેવી રીતે અલગ અલગ વર્ગો માં અલગ અલગ દિશામાં ચાલી શકે તેવી રાણી ની જેમ

આપણે સશક્ત બનવું પડશે.

૧૯૫૦માં આપણાં બંધારણમાં બિન મુસ્લિમ, બિન ખ્રિસ્તી દેશના દલિત નાગરિકો માટે અનામત નું પ્રાવધાન છે અને પાછળ થી વસ્તી નાં ૪૨% અન્ય પછાત વર્ગો માટે  અનામત નું પ્રાવધાન કરવામાં આવ્યું છે. જો કે કોઈ જ શંકા વગર આનાં કારણે આ અગત્યના ક્ષેત્રમાં શૈક્ષણિક કે આર્થિક વૃધ્ધિ થઈ છે જો કે ત્યાં પણ તેના આંતર વિભાગીય સામાજિક સ્થિતિમાં સુધારો કણ ભાર પણ દેખાતો નથી. SCં  અને OBCં  હજુ પણ સમાજનાં સદીઓ જૂના નીચા વર્ણ તરીકે વ્યથિત છે. તેઓ હવે માનસિક ત્રાસ અને હતાશા, વિપદા, ઉપેક્ષા અને સામાજિક અધ:પતન થી પીડાય છે. તેઓ સમાજનાં તળિયે જ અટકી રહ્યા છે. બિન SCં  અને બિન STં  ના વ્યવસ્થા ઢાચા ની સામાજિક ચેતનામાં SC/OBC તરફ નો લેશ માત્ર પણ અભિગમ નથી. આ પરિવર્તન લાવવા માટે કરોડો લોકોએ તેમની ધાર્મિક સાહિત્ય અને પરંપરાના જડમૂળમાં વ્યાપ્ત હજારો સામાજિક સંસ્કૃતિ ને આવજો કહેવું પડશે. બંધારણ નો SC તરફી ઢાચો 1950 અને તે પછી ના ફેરફારો લોકો ની મનોવૃત્તિ ને બદલવા માં નિષ્ફળ રહ્યો છે.  આ ઉદેશ્યના માટે આપણું બંધારણ અને કાયદાનું પુસ્તક કેલિડોસ્કોપ તરીકે કામ ન કરી શક્યું.

SCs, STs અને  OBCs ના મનમાં પેદા થયેલ અવકાશ ને પૂરવા અને સામાન્ય રિઢા અપમાન ના જખમ ને મલમ લગાડવા ચૌદ સદીઓ પહેલા હીરાની ગુફા માથી મસીહા ઉતર્યા જેઓ માનવજાત ના માટે કૃપાળુ તરીકે ઓળખાયા તેમણે માનવતાને ઘાયલ જખમો ભરવાનો અકસીર ઉપાય આપ્યો અને માનસિક અંતર ને દૂર કરવામાટે હિતકર ઉપાય આપ્યો. તેઓ એ ગુલામ પ્રથાની નાબૂદી જાહેર કરી. સામાજિક સંપર્ક માટે સમાનતાને મોટું મહત્વ આપ્યું. તો પછી આ ક્રાંતિને શામાટે આપણા સાથી નાગરિકો આગળ ધપાવી ન શકે? તે માટે આપણે રામબાણ ઉપાય શા માટે ન કરવો જોઈએ? અલ્લામા ઈકબાલની આગાહી સાચી પાડવા આપણે પ્રયત્ન શા માટે ન કરવો જોઈએ?

નિકલ કે □□□□□રણસે જિસને   રોમાન કી સલ્તનત કો પલટ દિયા થા,
સુના હૈ યે કૂદસીઓ સે મૈને વો શેર ફિર હોશિયાર હોગા .

આ દિવ્ય વાણી કહે છે કે જે  સિંહ રણ માથી પેદા થયો અને રોમન સામ્રાજ્ય ને ફગાવી દીધું તે ફરીથી સક્રિય થશે.

આપણે ઈસ્લામિક ઉપદેશ ની યોગ્ય પ્રશંસા કરીને તેને આચરણ માં મૂકવો પડશે. મે આ બાબતે અનુસુચિત જાતિના નેતા શ્રી ઉદિત રાજ સાથે આ મહત્વના મુદ્દા પર વિગતવાર ચર્ચા કરી. અને મારા આનંદ ની વાત છે કે તેઓ સચ્ચર સમિતિ અને મિશ્રા કમિશન ની સન ૧૯૫૦ ના રાષ્ટ્રપતિના અનુસુચિત જાતિ માટેના આદેશમાં થી ફકરા ૩ ને કાઢી નાખવા ની વાત સાથે સહમત છે. તેમણે પોતાનું મંતવ્ય લખાણ માં પ્રદર્શિત કર્યું છે. તો પછી આપણે મુસલમાનો એ ૬૫ વર્ષ જૂના ધાર્મિક પૂર્વગ્રહ ને નાબૂદ કરવા શાશ્વત પયગંબર નું રસાયણ શા માટે ન લગાવવું જોઈએ? હું આ બાબતે ખ્રિસ્તી અને ST  નેતાઓ સાથે પણ વાત કરી રહ્યો છુ. તેઓ પણ ધર્મ ના આધારે ૬૫ વર્ષ જૂના પછાત પણા માટે મુસલમાનો ની વિચારસરણી ની જેમ જ માની રહ્યા છે અને આ અભિયાન ને સંપૂર્ણ રીતે ટેકો આપી રહ્યા છે.

૧૯૫૦ ના આ હુકમ માથી ફકરા ૩ ને નાબૂદ કરવા માં આવશે તો મુસલમાન અને ખ્રિસ્તી હજામ, લુહાર અને મોચી તેવા જ બંધારણીય ભલામણો અને અધિકારો મેળવશે જેવા હિન્દુ/ શીખ/ બૌદ્ધ હજામ, લુહાર અને મોચી છેલ્લા ૬૫ વર્ષો થી ભોગવી રહ્યા છે. તેનો અર્થ એ કે તેઓ ને સંસદ, વિધાનસભા, જીલ્લા/ તાલુકા પરિષદ અને પંચાયતો તથા ગ્રામ પંચાયતો ની બેઠકો પર ચૂંટણી લડવાનો અને ચૂંટાવા નો અધિકાર હશે. તેઓ ને અમલદારોની પસંદગી માટે UPSC ની જાહેર સેવા પરીક્ષા દ્વારા વાર્ષિક પસંદ કરવામાં આવતા પદો પર સેવા કરવા નો અધિકાર મળશે. શૈક્ષણિક સંસ્થાનો માં આરક્ષણ નો અધિકાર મળશે.

આ માટે આપણે ભારતના મુસલમાનોએ સહજ રીતે સારા અને સાચા મુસલમાન બનવા ની જરૂર છે. આપણે આપણી પશ્ચાદ દ્રષ્ટિ માં પરિવર્તન કરવું પડશે જેથી વિશ્વ નો હાર્દિક આવકાર મળે અને ચુકાદા ના દિવસે શાંત હ્રદયે અલ્લાહ ને મળી શકીએ તથા સનાતન ઈનામ પામી શકીએ. આપણે એ પ્રકાશમાં માનવતાના ઉત્થાન માટે બનતું બધુજ કરવાનું છે. સંપૂર્ણ રીતે અને ઉત્સાહ થી માનવ સમાનતા નો આપણ ને જે પૈગામ મળ્યો છે તેનો ફેલાવો કરવાનો છે અને તે માટે સહુ ને પ્રેમ આપવાનો છે અને ખાસ કરી ને આપણાં SC અને OBC વર્ગ ને જેમની સદીઓથી ઘૃણા થતી આવી છે તેમને જન સાધારણ ગૌરવ મળી શકે. આ રીતે આપણે હાથ માં હાથ પરોવી ને આગળ વધી ને તથા આપણી સામૂહિક મત શક્તિ થી (વસ્તી ગણતરીના આધાર પર પણ) ચૂંટણી ની પ્રક્રિયા માં કેટલાય ગણું ઉપર ઊભરી શકીએ તેમ છીએ. આ રીતે આપણે SC , ST અને OBC ને મહત્વ આપી તેમને આલિંગન આપી માન આપીએ તેમની સંગાથે વ્યૂહરચના બનાવીએ જેથી પવિત્ર કુરઆન માં અલ્લાહ એ આપેલી જવાબદારી સંયુક્ત રીતે બજાવી શકીએ.

લેખક ઝકાત ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા ના પ્રમુખ છે.

ઈમેલ: info@zakatindia.org